શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજનનું મુખપત્ર

# કચ્છ વાગડ ખબર પત્રિકા

KUTCH VAGAD KHABAR PATRIKA  RNI NO. : MAHGUJ/2006/17870  તંત્રી : લક્ષ્મીચંદ પોપટલાલ ચરલા

વર્ષ : ૨ ❑ અંક : ૧૧ ❑ સળંગ અંક : ૩૨૬ ❑ પાના : ૮  સૂર્યોદય : ૬.૨૩  www.kutchvagad.com સૂર્યાસ્ત : ૬.૫૫ ❑ સં.૨૦૬૪ ચૈત્ર સુદ-૧૩, શુક્રવાર તા.૧૮ એપ્રિલ, ૨૦૦૮

કાર્યાલય : ૩૦૧, પ્રગતિ શોપિંગ સેન્ટર, ૩જે માળે, દફતરી રોડ, સ્ટેશન સામે, મલાડ-ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૯૭. ફોન : ૨૮૮૦૪૪૫૮, ૬૫૨૪૬૦૨૮ ફેક્સ : ૨૮૮૨૪૭૧૦

## શ્રદ્ધાંજલિ

### ગામ-લાકડીયાના દિવાળીબેન ભોજરાજ ગાલાને બીજી પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ



રડી પડે છે આંખો અમારી જોઈ મીઠી તસ્વીર તમારી. વહી જતો સમય રોકાતો નથી, આંખોમાં અશ્રુ સુકાતા નથી. જેમ ચંદન જાતે ઘસાઈને અન્યને સુગંધ અને શીતળતા આપે તેમ બાળપણથી અંત સુધી તનતોડ મહેનત કરીને અમોને સુખના પહાડ સોંપતા ગયા. મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે, મૃત્યુ પામે છે માનવી પણ તેના સત્કાર્યો જીવે છે. સમય કદી થોભતો નથી. અવિરત ચાલતો રહે છે. આજ આપની વિદાયને બે વરસ વિતી ગયા. આપની યાદ હરઘડી હર પ્રસંગમાં આવે છે. આપનો પવિત્ર આત્મા જ્યાં પણ હોય ત્યાં અરિહંત શરણ મળે. આપની કૃપાદષ્ટિ, દિવ્ય આશીર્વાદ સદા અમ પર વરસતા રહે. લિ. પુત્ર-પુત્રવધુ : માણીબેન વીરજી ગાલા, અરૂણા રમણીક ગાલા, પુત્રી-જમાઈઃ ગં.સ્વ. ચાંપુબેન કાનજી ફુરીયા, પ્રભા અમરશી ફુરીયા, સુપુત્રીઃ મા. સાહેબ જયનંદિતાશ્રીજી, પૌત્ર-પૌત્રીઃ દોહીત્ર-દોહીત્રી તેમજ ગાલા પરિવાર. (a-28)(M-8221){1-1}

### ભચાઉના સ્વ. ચાંપશી ભચુ નિસર અને સ્વ. નાનબાઈ ચાંપશી નિસરને ''કરુણા'' (માતૃસંસ્થા અંધેરી) વતી શ્રદ્ધાંજલિ





માવતરની છત્રછાયા ઘેઘુર વડલા જેવી હોય છે. આ દુનિયાની જંજાળમાંથી, થાકી હારીને બાળક જ્યારે આ છત્ર છાયામાં આવે તો તેની દરેક તકલીફો દૂર થઈ જાય છે. પરંતુ જ્યારે આ વડલાની છત્રછાયા તે બાળક પાસેથી છીનવાઈ જાય ત્યારે વિચાર કરો તે કેટલું એકલાપણું અનુભવતું હશે ? પરંતુ તેજ માવતર પવિત્ર સદ્ગત આત્માની ચિરઃશાંતી માટે જીવદયાના સત્કર્મોથી વિશેષ બીજુ શું હોય, કારણ કે ધન વ્યાજમાં બેવડુ, વેપારમાં રોકવાથી ચારગણુ. ખેતરમાં વાવવાથી સો ગણુ, પરંતુ સદ્ગત આત્માની ચિરઃશાંતી માટે અબોલ જીવોની શાતા હેતુ દાન કરવાથી તે અનેકગણું થાય છે. તેવી જીવદયાની પ્રખર ભાવના રાખનાર, ગામ-ભચાઉના સ્વ. ચાંપશી ભચુ નિસર (તા. ૧૬-૪-૦૮) ૧૧મી પુણ્યતિથિ અને તેમના ધર્મપત્ની સ્વ. નાનબાઈ ચાંપશી નિસરની (તા. ૧૪-૦૪-૦૮) ૫મી પુણ્યતિથિ નિમિત્તે તેમના સુપુત્ર શ્રી મહેન્દ્ર ચાંપશી નિસર પરિવાર તરફથી અબોલ, ઘાયલ, નિરાધાર, પિડાદાયક પશુ-પંખીઓની સેવા સુશ્રુષા હેતુ 'કરુણા'ને રૂા. ૫૦૦૦/-નું દાન આપી સંસ્થાને ટેકારૂપ બની જીવદયાના પવિત્ર કાર્યોને વેગવાન બનાવવા બદલ પ્રભુ તેમના દિવ્ય આત્માને શાશ્વત સુખ અને પરમ શાંતિ આપે તેમજ નિસર પરિવારને નિરોગી તેમજ સુખી રાખે એવા મુંગા પ્રાણીઓના અંતરના આશીર્વાદ. (a-30)(A-705){1-2}

## સામાજિક

### વાગડ વિશા ઓસવાળ સમાજનો ઈતિહાસ શિક્ષકોનો પ્રેમભર્યો સહકાર

વાગડના ઈતિહાસમાં ચોવીસી ગામોના સવિસ્તાર પ્રતિબિંબ પાડવા તે તે ગામોના શિક્ષકોનો સંપર્ક કરતા, દરેકે પ્રેમથી સહકાર આપવાની ભાવના બતાવી. ''ઓસવાળ ભાઈઓ અમોને દિલથી સાથ આપતા હોય તો અમે આટલું ન કરીએ ?'' આ હતો તેમનો પ્રતિભાવ. તા. ૨૬ અને ૨૭નો અહેવાલ શુક્રવાર અને બુધવારની પત્રિકામાં છપાઈ ગયો. છેલ્લો રિપોર્ટ નીચે મુજબ છે. તા. ૨૮-૪-૨૦૦૮નો ત્રીજો દિવસ. ગામ-મનફરા, જવાબદારી-શ્રી આર.આર. રાવલ, ગામ-ખારોઈ-જવા. શ્રી લક્ષ્મણભાઈ નારાયણભાઈ સોલંકી, ગામ-કકરવા-જવા.-શ્રી પરસોત્તમભાઈ શીવાભાઈ સોલંકી, ગામ-ભચાઉ- જવા.-શ્રી દેવજીભાઈ રૂપાભાઈ આહીર. આ કાર્યમાં સાથ આપનાર સર્વે મુખ્ય શિક્ષક, શિક્ષકગણ, આ કાર્યના સંકલનની મહત્ત્વપૂર્ણ જવાબદારીનો સ્વીકાર કરનાર શ્રી ર.લા. જૈન બોર્ડીંગ સાર્વજનિક હાઈસ્કૂલના પ્રિન્સીપાલ શ્રી ડી.એચ. દવેનો અંતઃપૂર્વક આભાર. ફોનઃ ૨૮૮૧૧૩૯૭. (૨ થી ૪ નહીં). ડૉ. મનસુખલાલ બી. જૈન, મલાડ-મનફરા. (a-19)(M-0){1-3}

### સમસ્ત વાગડની બોરીચા નુખની નિયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ

શ્રી આઈ ચાવંદ માતાજીની અસીમ કૃપાથી સમસ્ત વાગડના બોરીચા નુખની ૨૪ ગામની પરણેલી તથા કુંવારી નિયાણી બહેનોને ગામ-નંદાસરના અમૃતબેન જયંતિલાલ બોરિચાના ચિ. હિરેનના લગ્ન પ્રસંગે, તા.૨૬-૪-૨૦૦૮ને શનિવાર સાંજે ૫ થી ૮ પધારવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ. નાની એકલી ન આવી શકનાર નિયાણી સાથે આવનારને પણ જમવાનું આમંત્રણ છે. સ્થળઃ કાંતિ વિસરીયા હોલ, ગાંવદેવી મેદાનની બાજુમાં, થાણા (વેસ્ટ). લિ. જાગૃતિ, વિપુલ, ધ્રુતી, રોહિત, હિતાર્થ, હેતાંશ, નિયુષીના જય જિનેન્દ્ર, જય માતાજી. (T-7515){1-4}

### ભચાઉ (નવાગામ) નિસર પરિવાર ગામ-ભચાઉ (નવાગામ) ના માતુશ્રી કોરઈબેન પુંજા જીવા નિસરને ઘેર બિરાજમાન સકતમા

ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો, શ્રીફળની જોડ લઈને રે હાલો હાલો સકતમાના આશીર્વાદ અને પ્રસાદ લેવા જઈએ રે. ખુશીઓનો સુરજ ઊગ્યો છે આજ. સોળ શણગાર સજ્યા ચાંદની એ રાજ, કુદરતની આ અનોખી બહાર, આપી રહી છે સકતમાના વધામણાના હાર, ગામ-ભચાઉ (નવાગામ) ના માતુશ્રી કોરઈબેન પુંજા જીવાને ઘેર બિરાજમાન સકતમા જેમની અસીમ કૃપાથી નિસર પરિવારને આજે ફુલડે ફર્યા છે તો તા.૨૭-૪-૨૦૦૮ ને રવિવાર, સાંજના નિસર પરિવારના ગોઠીયા ભાઈઓ તથા નિયાણી બહેનોને સહ કુટુંબ પરિવાર સાથે માતાજીનો પ્રસાદ લેવા ભાવભર્યું આમંત્રણ છે. માતાજીના ભક્તિરસ પીરસવા ટીના છેડા એન્ડ પાર્ટી પધારશે. માતાજીની સ્થાપના ૫.૩૦ કલાકે. માતાજીની આરતી ૬.૩૦ કલાકે થશે. ખાસ નોંધ : કાળા કપડા નહીં પહેરવા વિનંતી. લિ.દિવાળીબેન રાયશીભાઈ, લક્ષ્મીબેન પોપટભાઈ, સાકરબેન માણીલાલભાઈ, દિવાળીબેન નોણશીભાઈ, સાવિત્રીબેન ઘનશ્યામભાઈના જય માતાજી. જય શ્રી સ્વામીનારાયણ. ખાસ નોંધઃ વ્યક્તિગત સન્માન સ્વીકારવામાં આવશે નહીં. (ચોવિહારની વ્યવસ્થા રાખેલ છે. સ્થળઃ નવિન ઠક્કર હોલ, પાર્લા-ઈસ્ટ. (a-3)(J-7052){1-5}

### કલાપૂર્ણોસ્તુ મંગલમ્ ચકાલા જૈન દેરાસરનો જીર્ણોદ્ધાર

પૂ. તપસ્વી મુનિ ભગવંત શ્રી તત્વવર્ધન મ.સા.ની પ્રેરણાથી શ્રી વિશા શ્રીમાળી મૂ.પૂ. જૈન સંઘ દુધઈ-અંજાર (કચ્છ)ના સંઘે શ્રી ચકાલા શ્વે.મૂ.પૂ. જૈન સંઘને રૂા. ૪,૦૦,૦૦૦.૦૦ (રૂપિયા ચાર લાખ) દેરાસરના જીર્ણોદ્ધાર ખાતે દેવ-દ્રવ્યમાં આપેલ છે. તે બદલ ચકાલા સંઘ તેમનો સદા ઋણી રહેશે તથા વાગડના શ્વે.મૂ.પૂ. જૈન સંઘોને નમ્ર વિનંતી, આપ પણ આપના સંઘમાંથી દેવ-દ્રવ્યની રકમ શ્રી ચકાલા સંઘને ફાળવશો. શ્રી ચકાલા સંઘમાં જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે. લિ. સંઘસેવક વસનજી ધનજી સાવલા, મો.નં.ઃ ૯૮૨૦૨૪૭૩૧૮. (a-31)(A-7049){1-6}

### દાદરમાં શીખો

બેઝીક + એડવાન્સ ખાટલા વર્ક, રીબીન વર્ક, પેપર ક્વીલીંગ, આઈરીસ ફોલ્ડીંગ, સ્પાયરોગ્રાફી, ગ્રીટીંગ્સ, કોફી, મીનાકારી, વીનીયર, લીંપણ, મધુબની પેઈન્ટીંગ ફેન્સી વર્કના ઘોડીયા ઓર્ડરથી કરી આપાવામાં આવશે. ઓર્ડરથી વર્ક કરી આપવામાં આવશે. શુભ પ્રસંગે આપવા ફેન્સી એનવલપના ઓર્ડર લેવામાં આવશે. જાગૃતિ ગાલા - ૨૪૩૦૫૧૬૩. (a-27)(D-7222){1-7}

### ભચાઉ-૨વ-સુવઈ છેડા ધામે નમતી નિયાણી બહેનો જોગ

ભચાઉ-૨વ-સુવઈની નિયાણી બહેનો માટે થાણાથી માતુશ્રી મીઠીબેન વેલજી વીરજી છેડા તરફથી બૃહદ્ થાણામાં વસતી ઉપરોક્ત માંડલે નમતી નિયાણી બહેનો માટે તા. ૧૯-૪-૦૮ અંધેરી મુકામે નિયાણી જમવા માટે બસની સગવડ રાખેલ છે. જેમણે નામ લખાવવા હોય તેમણે ૧૮-૪-૦૮ સુધી નીચે જણાવેલ સ્થળે નામ લખાવી જવા. (૧) બુલબુલ-નવપાડા, થાણા, (૨) પરિવાર ધાન્ય ભંડાર. બસ મહિલા મંડળ પાસેથી સાંજના ૪.૦૦ વાગે ઉપડશે. ટાઈમસર હાજર થવા વિનંતી. વાટ જોવામાં આવશે નહિ. લિ. ગં.સ્વ.મીઠીબેન વેલજી વીરજી છેડા પરિવાર. (a-33)(T-0){1-8}

### ઉમ્મીદ આર્ટ અને ક્રાફ્ટ રજુ કરે છે ''હોબી વર્કશોપ''

૮ થી ૧૫ વર્ષના બાળકો માટે ટેક્સચર પેન્ટીંગ ફન વિથ ક્લે મેકીંગ ગ્રીટીંગ કાર્ડ વીથ ગ્લાસ ક્લર ક્રોકરી પેન્ટીંગ, આ વર્કશોપ અંધેરી-વેસ્ટમાં તા. ૨૧, ૨૨, ૨૩ એપ્રિલના અને ગામદેવીમાં તા. ૨૮,૨૯,૩૦ એપ્રિલના બપોરે ૩ થી ૬ રાખવામાં આવેલ છે. ૧૫ વર્ષથી ઉપરના માટે મધુબની પેન્ટીંગ, લીપણ આર્ટ, ક્રોકરી પેન્ટીંગ, મીનાકારી પેન્ટીંગ, ક્રેકલ પેન્ટીંગ, ગામદેવીમાં, તા. ૧,૨,૩ મેના બપોરે ૨ થી ૫ રાખવામાં આવેલ છે. સંપર્કઃ ઉર્વી છેડા, મો.ઃ ૯૮૨૦૯ ૨૪૬૮૯. (a-12)(J-6625){1-9}

### કારીયા નુખની નિયાણી બહેનો જોગ

ગામ ૨વના અ. સૌ. વાલીબેન મુરજી માડણ કારીયાના પૌત્ર અને અ. સૌ. નિર્મળાબેન જયંતિલાલ મુરજી કારીયાના સુપુત્ર ચિ. મનોજના લગ્નપ્રસંગે થાણા મ્યુનિસિપાલટીની હદમાં રહેતી સર્વ કારીયા નુખની નિયાણી બહેનો તથા મુંબઈમાં રહેતી ૨વની કારીયા નુખની નિયાણી બહેનોને જમવા પધારવાનું આમંત્રણ આપીએ છીએ. તો જરૂર પધારવા વિનંતી. એકલી ન આવી શકનાર નિયાણી બહેનોની સાથે આવનારને પણ જમવા પધારવાનું આમંત્રણ આપીએ છીએ. શુભ દિનઃ તા. ૧૯-૪-૦૮, શનિવાર, સમય સાંજના ૫ થી ૮ સ્થળઃ કડવા પાટીદાર વાડી, કેસર મિલ, થાણા-વે. લિ. જયંતિલાલ મુરજી કારીયા જય જિનેન્દ્ર. (a-21)(T-7528){1-10}

### વર્ષીતપના પારણાની પત્રિકા તદ્દન વ્યાજબી ભાવે છાપીને મળશે

એક વખત અવશ્ય કોન્ટેક્ટ કરો : શ્રી દામજી રામજી ગડા, મંગલમ, દુકાન નંબર ૨, સોનાર ચાલ, બેંક ઓફ બરોડાની સામે, હાઈવેની બાજુમાં, ગુફા રોડ, જોગેશ્વરી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૦. મો.ઃ ૯૮૬૭૯૩૨૮૦૪, ફોનઃ ૨૮૨૪૫૯૯૧. (a-14)(J-0){1-11}